# જિલ્લામાં લીલાં વૃક્ષોનું નિકંદન રોકવામાં વન વિભાગ સરેઆમ નિષ્ફળ

## માર્ગો ઉપર બિન્દાસ્ત દોડતાં લીલાં લાકડાં ભરીને દોડતાં વાહન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં લીલાં વૃક્ષોનું નિકંદન રોકવામાં વન વિભાગ સરેઆમ નિષ્ફળ રહ્યું છે. દર વર્ષે ચોમાસામાં કરોડો રૂપિયાનું આંધણ કરી વૃક્ષો વાવો, વરસાદ લાવો..ના નારા સાથે વૃક્ષોના જતનની મોટી મોટી ડંફાશો વન વિભાગના અધિકારીઓ મારતા હોય છે પરંતુ બંન્ને જિલ્લામાં લીલાં વૃક્ષોની ખોં રોજ નિકળી રહી છે. માર્ગો ઉપર ગેરકાયદેસર રીતે લીલાં વૃક્ષોનાં લાકડાં ભરીને દોડતા વાહનો તંત્રને દેખાતા નથી જેથી ગ્રામ્ય વિસ્તાર તેમજ આરક્ષિત જંગલ વિસ્તારમાંથી લીલાં વૃક્ષો ગાયબ થઈ રહ્યાં છે.

જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી લીલાં વૃક્ષોની કત્લેઆમ કરનારા વિરપ્પનોને વન વિભાગે છૂટો પરવાનો આપી દીધો હોય તેવી સ્થિતિ પ્રવર્તિ રહી છે. વૃક્ષો કાપવા માટે ઓનલાઈન અરજી ફરજીયાત હોવાનો નિયમ બનાવવામાં આવ્યો છે પરંતુ ક્યાંય તેનો અમલ થતો નથી. જંગલ વિસ્તારમાંથી મહિલાઓ સૂકાં લાકડાં એકત્ર કરવા જાય ત્યારે ફોરેસ્ટર તેમજ બીટ ગાર્ડો દ્વારા દમદાટી આપી કાયદાનો ડર બતાવાતો હોય છે પરંતુ



લીલાં વૃક્ષોનું નિકંદન કાઢવા બેઠેલા તત્વો સામે કાયદાકીય પગલાં ભરવામાં વન વિભાગના અધિકારીઓ મોંઢું સંતાડી રહ્યા છે. જિલ્લામાં શિયાળાના આરંભ સાથે બળતણનાં લાકડાંની માંગ વધવાની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં લીલાં વૃક્ષોને ગેરકાયદેસર કાપવાની હોડ જામી છે. લીલાં વૃક્ષોની ગેરકાયદેસર હેરાફેરી રોકવામાં નિષ્ફળ રહેલું વન તંત્ર બધો તમાશો જોઈ રહ્યું છે. માર્ગો ઉપર રાત-દિવસ લીલાં લાકડાં ભરીને ગેરકાયદે દોડતાં વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હોવા છતાં કોઈ પગલાં ભરાતાં નથી. જેથી ખેતરના શેઢા, ગૌચર તેમજ જંગલની રક્ષિત જગ્યામાંથી એક પછી એક લીલાં વૃક્ષો અદ્રશ્ય થવા લાગ્યાં છે.

# ઉત્તર ગુજરાતની શાળાઓમાં ૨૧ દિવસનું દિપાવલી વેકેશન શરૂ

## ૨૨ નવેમ્બરથી બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે, શિક્ષણ મંદિરો સૂમસામ બન્યાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

ઉત્તર ગુજરાતના ૧૮ હજારથી વધુ શૈક્ષણિક સંકુલોમાં સોમવારથી ૨૧ દિવસના દિપાવલી વેકેશનનો પ્રારંભ થશે. કોરોનાના કારણે વેકેશન ટૂકાવાશે તેવી સંભાવના વચ્ચે ૨૧ દિવસનું વેકેશન જાહેર થયું છે. શનિવારથી જ ઉત્તર ગુજરાતના શૈક્ષણિક સંકુલોમાં દિવાળી વેકેશનનો પ્રારંભ થયો છે. તા.૨૨ નવેમ્બરે બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. શાળાઓમાં દિપાવલી વેકેશનના કારણે શિક્ષણ મંદિરો સૂમસામ ભાસી રહ્યા છે.

ભારતીય સંસ્કૃતિમાં સૌથી મોટો તહેવાર તરીકે દિવાળીને માનવામાં આવી રહી છે. પ્રકાશના પર્વમાં સૌ કોઈ ઉંચનીચના ભેદભાવ ભૂલી પર્વોની ઉજવણી કરી નૂતન વર્ષે નવા ઉત્સાહને ઉમંગ સાથે સૌ કોઈ મિત્રો સગા-સબંધીઓને શુભકામનાઓ પાઠવતા હોય છે. દિવાળીના દિવસે ભગવાન શ્રી રામ લંકા ઉપર વિજય મેળવ્યા પછી અયોધ્યા પરત ફર્યા ત્યારે પ્રજાએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હોવાથી રામ અવતાર સમયથી દિપાવલીનું પર્વ ઉજવાતું આવ્યું છે. વેકેશન પૂર્વે શૈક્ષણિક સંકુલોમાં ગુરૂજનોને દિપાવલી અને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી દિપોત્સવી પર્વની ઉજવણીમાં મશગુલ બની ગયા છે. મોટા ભાગના શિક્ષકો તહેવારોની ઉજવણી માટે વતન રવાના થયા છે.

ઉત્તર ગુજરાતમાં ગત વર્ષે વેકેશનની સીઝનમાં તસ્કરોએ અનેક શૈક્ષણિક સંકુલોએ તરખાટ મચાવી કોમ્પ્યુટર સહિતનાં ઉપકરણો ઉઠાવી જતાં શાળાના આચાર્યોને વેકેશનમાં પણ શાળાની ચિંતા સતાવી રહી છે. ઉત્તર ગુજરાતની શાળાઓમાં વેકેશન પૂર્વે વિદ્યાર્થીઓ પણ શાળા સંકુલમાં પોતાના મિત્રોને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. પરિવારોએ નજીકના સ્થળોના પ્રવાસ ગોઠવતાં તેનો સ્પષ્ટ આનંદ વિદ્યાર્થીઓના મુખ ઉપર જોવા મળ્યો હતો.

### વેકેશન દરમિયાન ૩ જ દિવસ શાળાઓ ખોલવાના નિર્ણય સામે રોષ

પ્રાપ્ત માહિતી અનુસાર નેશનલ એચીવમેન્ટ સર્વે તા.૧૦ થી ૧૨ નવેમ્બરે યોજાવાનો છે તેમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૩૯૦ જેટલી શાળાઓનો સમાવેશ કરાયો છે અને આ ત્રણ દિવસ દરમ્યાન ધો.૩, ધો.૫, ધો.૮ અને ધો.૧૦ ના તમામ વિદ્યાર્થીઓ અને શાળા સ્ટાફને ફરજીયાત હાજર રહેવાના ફતવાના કારણે કર્મચારી-વિદ્યાર્થી, વાલીઓમાં રોષ જોવા મળ્યો છે.

# દિવાળી પ્રવાસ : ઉત્તર ગુજરાતવાસીઓમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસનો ઉત્સાહ

## કોરોના પછી બે-ત્રણ દિવસના પ્રવાસનું આયોજન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

ઉત્તર ગુજરાતમાં દિપોત્સવી પર્વનો માહોલ હવે જામવાનો છે. શાળા-કોલેજોમાં દિવાળી વેકેશન જાહેર થતાં પ્રવાસના આયોજન થઈ રહ્યાં છે. અત્યાર સુધી ઉત્તર ગુજરાતના પ્રવાસ શોખીનો કેરળ, ગોવા સહિતના પ્રવાસન સ્થળોએ ફરવા જતા હતા પરંતુ ગુજરાતના કેવળીયામાં વિશ્વની સૌથી ઉંચી સ્ટેચ્યુ ઓફ યુનિટી કરોના પછી પ્રવાસીઓ માટે પસંદગીનું સ્થળ બન્યું છે.

જિલ્લામાં દર વર્ષે દિવાળીના વેકેશનમાં મોટાભાગના પરિવારો દૂરના પ્રવાસન સ્થળોએ જતા હોય છે. ગુજરાતીઓ આમેય



પ્રવાસના શોખીન હોવાથી દિવાળી પૂર્વે જ ટ્રાવેલ્સ તેમજ એર ટૂરનાં આયોજનો ગોઠવાઈ જતાં હોય છે. ઉત્તર ગુજરાતમાં અનેક પ્રવાસન સ્થળોના વિકાસ માટે લાખો રૂપિયા ખર્ચાયા હોવા છતાં ઘરઆંગણાના પ્રવાસીઓને આકર્ષવામાં તંત્ર ધરાર નિષ્ફળ રહ્યું છે. ઉત્તર ગુજરાતની શાળા-મહાશાળાઓમાં દિવાળીનું વેકેશન જાહેર થતાં અનેક પરિવારોએ પ્રવાસની તૈયારીઓ આરંભી દીધી છે. દેશના અનેક રાજ્યોમાં ફરી કોરોનાએ દેખા દેતાં ઉત્તર ગુજરાતના પ્રવાસન સ્થળના શોખીનો દ્વારા હાલની પરિસ્થિતિમાં ગુજરાત છોડીને ક્યાંય બહાર જવું નથી તેવો નિર્ણય કરી પ્રવાસીઓએ સહપરીવાર બે થી ત્રણ દિવસ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી તેમજ સાપુતારા તરફના પ્રવાસોના આયોજન કરાયા છે.

# અરવલ્લી મોડાસા કોમર્સ કોલેજ ખાતે મહિલાલક્ષી કાયદાની જાણકારી અંગે શિબિર યોજાઈ

મોડાસાની કોમર્સ કોલેજ ખાતે મોડાસા મહિલા શક્તિ કેન્દ્ર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અનુસંધાને મહિલા બાળ અધિકારીશ્રી તેમજ દહેજ પ્રતિબંધક અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ મહિલાલક્ષી કાયદા અને યોજનાની જાણકારી અંગે શિબિરનું આયોજન કરાયું હતું. શિબિરમાં વ્હાલી દિકરી યોજના, સખી વન સ્ટોપ સેન્ટર યોજના, પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટર,૧૮૧ અભયમ હેલ્પલાઈન, ગંગાસ્વરૂપ આર્થિક સહાય યોજના,મહિલા સ્વાવલંબન યોજના, ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ અને મુખ્યમંત્રી બાળ યોજના વિશે તેમજ કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ- ૨૦૧૩ ની PPT બતાવવામાં આવી હતી.

# ...ખેત પેદાશની ઓછી આવકની બજારો ઉપર અસર

## દિપાવલી પર્વનો ધમધમાટ : ઉત્તર ગુજરાતના બજારોમાં ભીડ, વેપારીઓ મલકાયા : ગારમેન્ટ, વાસણ, કરીયાણા, મીઠાઈ બજારમાં ધુમ ઘરાકી, ગ્રામ્ય વિસ્તારોમાં મંદીનો માહોલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

આવતીકાલ સોમવારથી દિપાવલી પર્વનો પ્રારંભ થઈ રહ્યો છે અને તેનો ધમધમાટ બજારોમાં જોવા મળ્યો. ખેડૂતોની ખેત પેદાશ બજારમાં ઠલવાયા પછી ખેડૂતોના હાથમાં પૈસા આવતાં શનિવારથી બપોર બાદ ઉત્તર ગુજરાતના બજારોમાં ભીડ જોવા મળી છે. ગત વર્ષે કોરોનાના કારણે ધંધો નબળો હોવા છતાં એકંદરે મોંડે મોંડે પણ દિવાળીની ઘરાકી ઉભરાતાં વેપારીઓ મલકાયા છે. ગારમેન્ટ, વાસણ, કરીયાણા અને મીઠાઈ બજારમાં ધુમ ઘરાકી છે. જ્યારે ફટાકડા બજારમાં પણ સમી સાંજે ઘરાકીથી વેપારીઓ મલકાતા જોવા મળ્યા હતા.

દુષ્કાળ હોય કે પછી ગમે તેવી વિપરીત પરિસ્થિતિ પરંતુ ગુજરાતીઓ સાચા અર્થમાં તહેવારોને માણી રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં ઓછા વરસાદના કારણે દિપાવલી વેકેશન શરૂ થાય તે અગાઉ બજારોમાં કાગડા ઉડતા હતા અનેક વેપારીઓ આજે બોંણી જ થઈ નથી તેમ કહી લમણે હાથ મૂકી રહ્યા હતા. પરંતુ દિપાવલી વેકેશન શરૂ થયું અને સરકારી કર્મચારીઓ તેમજ ખેડુત પરિવારોએ દિપાવલી પર્વની ઉજવણી માટે નવા વસ્ત્રોની ખરીદી, ઘરે મીઠાઈ બનાવવા માટે અનાજ-કરીયાણાની ખરીદી તો ક્યાંક તૈયાર મીઠાઈ ખરીદવાના કારણે ઉત્તર ગુજરાતના તમામ બજારોમાં ભીડ એકઠી થઈ છે. એક સમયે ઉત્તર ગુજરાતનું બજાર મંદીના ભરડામાં સપડાયાની આશંકા ઉભી થઈ હતી પરંતુ શનિવારથી સૂમસામ બજારોમાં ઘરાકી જાણે કે વેપારીઓ માટે મોંઢા ઉપરનું સ્મિત બનીને ઉભરી આવી છે. ફટાકડા બજારમાં પણ આગ ઝરતી તેજી જોવા મળી છે. દિપાવલીના પર્વમાં ખેડૂતોએ ટેકાના ભાવની રાહ જોયા વગર ખેત પેદાશ ઓછા ભાવે વેચી છે અને જે પૈસો આવ્યો તે આવતી દિવાળી કોને જોઈ છે જે ઉજવી જાણ્યું તે ખરૂં..?? તેવા આદર્શ વિચારથી ખેત પેદાશની ઓછી આવક છતાં તહેવારોના રાજા દિપાવલી પર્વને ભવ્યતાપૂર્વક ઉજવવાનું મન બનાવી ખરીદી માટે ખેડૂત પરિવારો ઉમટતાં બજારોમાં હવે દિપાવલીની અસલ ઘરાકી જોવા મળી રહી છે.

## કોરોનાથી ભયગ્રસ્ત પ્રજા પર ચિકનગુનિયાના ઓછાયા

# જિલ્લામાં ચિકનગુનિયાના શંકાસ્પદ કેસમાં વધારો, આરોગ્ય તંત્રએ નન્નો ભણ્યો..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

છેલ્લા ૧૯ મહિનાથી કોરોનાથી ભયગ્રસ્ત પ્રજા ઉપર દિપાવલીના પર્વ દરમ્યાન ચિકનગુનિયાના ઓછાયા હાવિ થઈ રહ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં શંકાસ્પદ ચિકનગુનિયાના કેસમાં વધારો થઈ રહ્યો છે પરંતુ ખાનગી તબીબો પણ ચિકનગુનિયાના કેસ બાબતે જાહેરમાં કંઈપણ બોલવા માટે તૈયાર નથી. તાજેતરમાં જ બાયડ,ધનસુરા, મોડાસા, ભિલોડા, હિંમતનગર સહિતના વિસ્તારોમાં ચિકનગુનિયાના કેસ ડોકાયા છે. પરંતુ શરીર જકડાઈ જવું, અંગોમાં અસહ્ય પીડા થવી જેવી ફરિયાદો સાથે ખાનગી દવાખાનાં અને હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

ચિકનગુનિયાના રોગચાળાએ જિલ્લામાં હાહાકાર મચાવ્યો હતો તેમાંય કીડની ટ્રાન્સપ્લાન્ટ કરાવી હોય કે પછી અન્ય કોઈ મોટી સર્જરી કરાવી હોય તેવા દર્દીઓ માટે ચિકનગુનિયાનો રોગચાળો મોટાભાગે જીવલેણ સાબિત થયો હતો. ચિકનગુનિયાનો રોગચાળો વકરતાં જિલ્લાના તમામ ૧૪ તાલુકાઓમાં જે તે સમયે હાહાકાર મચ્યો હતો. સમય જતાં ચિકનગુનિયાના રોગચાળા ઉપર અંકુશ આવ્યો પરંતુ તેનાથી પ્રભાવિત થયેલા અનેક દર્દીઓ આજે પણ ચિકનગુનિયાની પીડામાં સબડી રહ્યા છે.

માર્ચ મહિનાથી ઉત્તર ગુજરાતમાં કોરોના ડોકાયો અને અત્યાર સુધીમાં ૪૦૦ થી વધુ લોકોને ભરખી ગયો છે. પરંતુ છેલ્લા બે પખવાડિયા દરમ્યાન જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં શંકાસ્પદ ચિકનગુનિયાના લક્ષણો ધરાવતા કેસ સામે આવી રહ્યા છે. કેટલાક ખાનગી તબીબોએ પણ અંદરખાને સ્વીકાર્યું છે કે જિલ્લામાં ચિકનગુનિયાનું આગમન થઈ ચૂક્યું છે. લાગે છે કે ડિસેમ્બરના અંત સુધીમાં ચિકનગુનિયાનો રોગચાળો હાહાકાર મચાવી શકે છે.

# દિપડાને રેડીયો કોલર લગાવવા મંજૂરીની મહોર પરંતુ કામગીરી અધ્ધરતાલ

## જિલ્લામાં ૧૬ થી વધુ દિપડામાં રેડીયો કોલર લાગે તો લોકેશન આસાનીથી મળે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

દિપડાઓ દૂર દૂર સુધી વસવાટ કરતા હોવાથી તેમનું લોકેશન જાણવા માટે રેડીયો કોલર આવશ્યક હતા. ગતવર્ષે વન વિભાગને મંજૂરી મળતાં દિપડાને ટૂંક સમયમાં જ રેડીયો કોલરથી સજ્જ કરાશે તેવું જણાઈ આવ્યું પરંતુ મંજુરીના મહોરના ૧ વર્ષ પછી પણ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સ્થાયી વસવાટ કરતા ૧૬ જેટલા દિપડાને રેડિયો કોલર લાગી શક્યો નથી. જેથી દિપડાઓની હલચલનું લોકેશન મેળવવું વિભાગ માટે પણ મુશ્કેલ બન્યુ છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના વડાલી, ભિલોડા, વિજયનગર, હિંમતનગર, ઈડર, માલપુર સહિતના વિસ્તારોમાં દિપડાની હાજરીના પુરાવા મળ્યા છે. કેટલાક કિસ્સાઓમાં તો દિપડાએ પશુઓનું મારણ કર્યા પછી પ્રજા ઉપર પણ હિંસક હુમલા કર્યાના બનાવ પછી દિપડો જે વિસ્તારમાં દેખાય ત્યાં રાત્રે પ્રજા ભયના ઓથાર હેઠળ આવી ઘરની બહાર નિકળવાનું ટાળી દે છે. ત્યારે વન વિભાગ દ્વારા દિપડાઓની તમામ હિલચાલ ઉપર ધ્યાન રાખવા માટે રેડીયો કોલર લગાવવા માટેની વિચારણા હતી. પરંતુ લાંબા સમયથી વિભાગ દ્વારા કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હતો આખરે દિપડાને રેડીયો કોલર લગાવવાની મંજૂરી મળી છે પરંતુ ૧ વર્ષ પછી પણ જિલ્લામાં તે સંભવ બની શક્યું નથી જ્યારે વિભાગ પણ મૂંઝવણમાં છે કે આ માત્ર ગીર અભિયારણ પૂરતી જાહેરાત હતી કે પછી સમગ્ર રાજ્યમાં દિપડાની વસાહત છે તે તમામ વિસ્તારોમાં લાગુ કરાશે તેની કોઈ સ્પષ્ટતા થઈ નથી પરંતુ ગીર અભિયારણ ઉપરાંત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દિપડાની સંખ્યા વધુ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

# લોકો અને તંત્ર વચ્ચે ઓછું અંતર રહે તે માટે

# લોકાભિમુખ વહીવટ માટે ગ્રામસભા અનિવાર્ય અને આવશ્યક છે : દરેક વિભાગ પાસે યોજનાઓ છે, લાભ ઉઠાવો : હિતેષ કોયા

બાયડ તા.૩૦

રાજ્ય સરકાર દ્વારા પ્રજાની જનસુખાકારી માટે સાતમા તબક્કાના સેવા સેતુ કાર્યક્રમો પણ સાબરકાંઠા જિલ્લામાં વિવિધ સ્થળે યોજાઈ રહ્યા છે અને પ્રજાની જન સુખાકારી માટેના પગલાં લઈ સેવા પૂરી પાડવામાં આવી રહી છે. સાથે સાથે જિલ્લામાં રાત્રીગ્રામ સભાઓ પણ યોજાઈ રહી છે જેમાં લોકોના પ્રશ્નો સાંભળી નિરાકરણ લાવવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં તા. ૨૯/૧૦/૨૦૨૧ના શુક્રવારના રોજ સાબરકાંઠા જિલ્લાના અંતરિયાળ ઉંડાણના પોશીના તાલુકાના પડાપાટ ગામે જિલ્લા કલેક્ટર શ્રી હિતેષ કોયાની અધ્યક્ષતામાં સાંજે ૬ થી ૮ કલાકે રાત્રી સભા પ્રાથમિક શાળા ખાતે યોજાઈ હતી. જેમાં તાલુકા જિલ્લાના વિવિધ ૧૯ વિભાગના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને ગ્રામજનો



દ્વારા રજુ કરવામાં આવેલ રસ્તા, પાણી, વીજળી, શિક્ષણ અંગેના પ્રશ્નોનું સુખદ સમાધાન કરી નિરાકરણ કરવામાં આવ્યું હતું. ગ્રામજનોએ ખુશી આનંદની લાગણી વ્યક્ત કરી હતી અને આવા ઊંડાણના ગામમાં આખું વહીવટી તંત્ર આવ્યું તેનો આદર સત્કાર કરી રાજીપો વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયા દ્વારા પડાપાટ ગ્રામ પંચાયત ખાતે દફતર રજીસ્ટર ચકાસણી કરવામાં આવી હતી અને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. તલાટી કમ મંત્રી શ્રી, સરપંચ શ્રી પાસે ગામ અંગેની માહિતી મેળવી હતી ત્યાર બાદ જિલ્લા કલેકટર શ્રી એ ઉપસ્થિત ગ્રામજનોને રાત્રી સભા સંબોધતા જણાવ્યું હતું કે, અહીં ઉપસ્થિત સૌ ગ્રામજનો અને તાલુકા જિલ્લાની વહીવટી ટીમને આવકારું છું અને બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર છે તેનો આનંદ વ્યક્ત કરું છું લોકો અને તંત્ર વચ્ચે ઓછું અંતર રહે તે માટે આજે સમગ્ર ટીમ આપના દ્વારે આવી છે. આપના પ્રશ્નો અને સમસ્યાના નિરાકરણ માટે લોકાભિમુખ વહીવટ માટે ગ્રામસભા અનિવાર્ય છે અને આવકાર્ય છે. સમય સ્થળ બંને પક્ષે અનુકુળ હોય તે માટે રાત્રી સભા અહીં યોજાઈ છે મુક્ત અને હળવી પળોમાં આપના પ્રશ્નોનું નિરાકરણ થાય આજે અહીં દરેક અલગ અલગ વિભાગના ૧૯ જેટલા અધિકારીઓ ઉપસ્થિત છે અને રાજ્ય સરકારની પ્રજા કલ્યાણની યોજના આપને સમજાવશે અને ૧૫ માં નાણાપંચમા કયુ કામ અગ્રીમતાથી લેવું તેની સમજણ આપી હતી. આદિજાતિ વિસ્તાર હોવાથી જાગૃતતાનો અભાવના કારણે કેટલીક યોજનાઓનો લાભ લઈ શકતા નથી. જેમકે કોરોના મહામારીમાં રસીકરણમાં લોકોને શંશય હતો, ભ્રમ હતો પણ આરોગ્ય વિભાગ દ્વારા સમજાવતા આ વિસ્તારમાં લોકો રસી લેતા થયા છે, પહેલા વિરોધ હતો પણ પાછળથી તેની અગત્યતા સમજાઈ એ સારી વાત છે અને પી.એમ. જે.વાય યોજના આયુષ્યમાન ભારત યોજના ગોલ્ડ કાર્ડ સૌ કઢાવી લે તેમાં રૂ. પાંચ લાખ સુધીની સારવાર મફત આપવામાં આવે છે.

# અરવલ્લી : એલ.આર.ડી. પરીક્ષાની તૈયારી કરતા યુવકની ઘર નજીક ઝાડ પરથી લટકતો મૃતદેહ મળ્યો

અરવલ્લી જીલ્લામાં બે જુદા-જુદા સ્થળોએ લટકતી લાશો મળી આવતા ભારે ચકચાર મચી છે મેઘરજ તાલુકાના ભેમાપુર ગામના અને પોલીસ પરીક્ષાની તૈયારી કરતા યુવકની લાશ ઘર નજીક ઝાડ પરથી લાશ મળી આવતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું અન્ય એક બનાવમાં માલપુર તાલુકાના અંબાવા ગામ નજીક બે સંતાનોની માતાની ગામના ડુંગર નજીક ઝાડ સાથે ગળેફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ લટકતો મળી આવતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા બંને સ્થળે પોલીસ પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી બંને મૃતકની હત્યા કે આત્મહત્યા સહીત તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે.

અરવલ્લી જીલ્લામાં આત્મહત્યાના સતત બનતા બનાવોના પગલે જીલ્લા પોલીસવડા સંજય ખરાતે જીવનઆસ્થા હેલ્પલાઈન સાથે કેમ્પઈન ચલાવ્યું હતું અને ટોલફ્રી નંબર જાહેર કર્યો હતો અને જીલ્લાના દરેક પોલીસ સ્ટેશનમાં માર્ગદર્શન સેમિનાર યોજી લોકોને કોઈ પણ મૂંઝવણ અંગે પોલીસનો સીધો સંપર્ક કરવા આહવાન કર્યું છે તેમ છતાં લોકો આત્મહત્યાનો માર્ગ અખત્યાર કરતા બુદ્ધિજીવી લોકો ચિંતિત બન્યા છ.

મેઘરજ તાલુકાના ભેમાપુર ગામના રાકેશ ભાથીભાઈ નામનો યુવક તાજેતરમાં રાજ્ય સરકારે બહાર પાડેલી પોલીસની ભરતીની તાડામાર તૈયારીઓ કરતો હતો ગત સાંજે દોડની તૈયારી કરવા ઘરેથી નીકળ્યા પછી ઘરે પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ હાથધરી હતી ત્યારે આજે ઘર નજીક આવેલા ઝાડ પરથી મૃતક યુવકની લાશ લટકતી હોવાનું જોવા મળતા પરિવારજનોએ ભારે આક્રંદ કરી મૂક્યું હતું લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા યુવકે આત્મહત્યા કરી કે હત્યા તે અંગે રહસ્ય ઘેરાયું છે યુવકની લટકતી લાશ મળી આવતા મેઘરજ પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

અન્ય એક બનાવમાં માલપુર તાલુકાના અંબાવા ગામ નજીક ડુંગર પરથી ૩૦ વર્ષીય બે સંતાનોની માતાની ઝાડ સાથે લટકતી હાલતમાં લાશ મળી આવતા ભારે ચકચાર મચી હતી મૃતક મહિલાના પરિવારજનો અને લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા પરિવારજનોએ આક્રંદ કરી મૂક્યું હતુ આ અંગે માલપુર પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમીક તપાસ હાથધરી હતી.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં દિવાળીના દિવસે રાત્રે ૮ થી ૧૦ ફટાકડા ફોડવા છૂટછાટ

## જાહેરનામાનો અમલ થશે ખરો..! અનેક આશંકા

બાયડ તા.૩૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં દિવાળીના દિવસે વધતું પ્રદૂષણ અટકાવવા રાત્રે ૮ થી ૧૦ સુધી ફટાકડા ફોડવા નું ગૃહવિભાગે નોટિફીકેશન બહાર પાડ્યું છે. ગત વર્ષે પણ જાહેરનામું અમલી છતાં અમલ થયો ન હતો. આ સંજોગોમાં જાહેરનામાનો અમલ થશે ખરો ? તેવી આશંકા સેવાય છે.

સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈનના આધારે રાજ્ય સરકારના ગૃહવિભાગે નોટિફીકેશન બહાર પાડ્યું છે કે દિવાળીના તહેવારો દરમિયાન રાત્રે ૮ થી ૧૦ વાગ્યા સુધી ફટાકડા ફોડી શકાશે. જ્યારે હંગામી ધોરણે ફેરીયાઓ દ્વારા શેડ બાંધીને કે લારી-ગલ્લા પર ફટાકડાનું વેચાણ થાય તો તેની સામે એક્સપ્લોઝીવ એક્ટ-૧૮૮૪ તથા ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ અન્વયે કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે. જિલ્લામાં દિપાવલીના પર્વ દરમ્યાન મોડી રાત્રિ સુધી કાનના પડદા ફાડી નાખે તેવા અવાજ કરતા ફટાકડા ફોડાય છે જેના કારણે માનવી ઉપરાંત મૂંગા પશુઓ પણ ભય અનુભવતા હોય છે.

# અરવલ્લીમાં સરદાર વલ્લભાઈ પટેલના જન્મ જયંતીની ઉજવણીના પૂર્વે જિલ્લાની કચેરીઓમાં શપથ ગ્રહણ કાર્યક્રમ

ભારતના લોહપુરુષ એવા શ્રી સરદાર પટેલ વલ્લભભાઈ પટેલની જન્મજયંતી ૩૧ ઓક્ટોબરના દિવસની દર વર્ષે ‘‘રાષ્ટ્રીય એકતા દિવસ’’ તરીકે ઉજવણી કરવામાં આવે છે. પર્વની ઉજવણીના પૂર્વે રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં ‘‘રાષ્ટ્રીય એકતા દિવસ’’ ના શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા. જે અંતર્ગત અરવલ્લી જીલ્લા પંચાયત તેમજ જીલ્લા સેવા સદન ખાતે જીલ્લા નિવાસી અધિક કલેકટરશ્રી પ્રદીપ સિંહ રાઠોડની ઉપસ્થિતિમાં કચેરીઓના અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ હાજર રહી એકતા દિવસના શપથ લીધા હતા.